સંક્ષિપ્ત સમાચાર

કીમની વશિષ્ઠ ઇન્ટરનેશનલ સ્કૂલમાં ખો-ખો સ્પર્ધા યોજાઈ

કીમ: ઓલપાડ તાલુકા કક્ષાની SGFI ખો-ખો સ્પર્ધાનું ભવ્ય આયોજન ૨૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ કીમની વશિષ્ઠ ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે કરાયું હતું, જેમાં ૨૩ શાળાની ૪૭ ટીમોના ૫૬૪ ખેલાડી (૩૧૨ કુમાર, ૨૫૨ કન્યા)એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અંડર-૧૪, ૧૭ અને ૧૯ વયજૂથની આ સ્પર્ધામાં ખેલાડીઓએ શિસ્ત અને ખેલદિલી પૂર્વક શ્રેષ્ઠ કૌશલ્ય દાખવ્યું હતું. સ્પર્ધાના વિજેતાઓમાં અંડર-૧૪ કન્યા વિભાગમાં સ્વામી વિવેકાનંદ વિદ્યાદીપ અને કુમારમાં રક્ષાશક્તિ વિદ્યાદીપ (અણીતા), અંડર-૧૭ કન્યામાં જ્ઞાનશક્તિ વિદ્યાદીપ (અણીતા) તથા કુમારમાં પી.કે. દેસાઈ વિદ્યાલય (કીમ) તેમજ અંડર-૧૯ કન્યામાં ગુડ શેફર્ડ ઇંગ્લિશ સ્કૂલ (કીમ) અને કુમારમાં પી.કે. દેસાઈ વિદ્યાલય (કીમ) પ્રથમ સ્થાને રહ્યા હતા. આયોજકો અને શાળા પરિવારના સુચારુ આયોજનથી આ સ્પર્ધા સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

અનાવલ હાઈસ્કૂલમાં મહેંદી સ્પર્ધા યોજાઈ

ભોરિયા: શ્રી કે.એલ. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલમાં અલૂણાં વ્રતના ઉપક્રમે મહેંદી સ્પર્ધાનું આયોજન કરાયું હતું, જેમાં આશરે ૪૦ વિદ્યાર્થિનીએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની કલાત્મક પ્રતિભા દર્શાવી હતી. સ્પર્ધામાં નીતિ લાડ પ્રથમ, સુહાના અન્સારી દ્વિતીય અને જીનલ પટેલ તૃતીય ક્રમે રહી હતી. ચિત્રશિક્ષક ભરત રમોડ અને મુક્તિબેન પટેલે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. શાળાના પ્રમુખ વિપુલભાઈ પટેલ, ટ્રસ્ટ પરિવાર તથા આચાર્ય ભૂપેન્દ્રભાઈ ચૌધરીએ વિજેતાઓને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

ભરૂચ જિલ્લા પ્રજાપતિ સમાજની મહેંદી સ્પર્ધા યોજાઈ

નેત્રંગ: ભરૂચ જિલ્લા પ્રજાપતિ સમાજ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના મહિલા વિભાગ દ્વારા મહેંદી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં પ્રજાપતિ સમાજની ૭૦ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાં શ્રેષ્ઠ મહેંદી મૂકનાર બહેનોને આકર્ષક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ તમામ ભાગ લેનારાં બહેનોને પ્રોત્સાહક પુરસ્કાર આપવામાં આવ્યાં હતાં. આ સ્પર્ધા યોજવા પાછળનો મુખ્ય ઉદ્દેશ બહેનોમાં રહેલી કલાને બહાર લાવવાનો તેમજ મહિલાઓને સમાજની વિવિધ પ્રવૃત્તિઓમાં જોડી સંગઠન દ્વારા સમાજ સેવામાં વધુ વેગ આપવાનો છે.

જીતનગર ખાતે ટ્રાફિક જાગૃતિ સેમિનાર

સુરત: નર્મદા જિલ્લામાં કમ્બાઈન્ડ એન્યુઅલ ટ્રેનિંગ કેમ્પ-૨૦૭ (CATC-207) અંતર્ગત 5 ગુજરાત બટાલિયન એન.સી.સી., સુરતના અંદાજે ૫૦૦ એન.સી.સી. કેડેટ્સ માટે એન.સી.સી. જીતનગર, રાજપીપળા ખાતે જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા ટ્રાફિક જાગૃતિ અને રોડ સેફ્ટી અંગે વિશેષ સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં જિલ્લા ટ્રાફિક શાખાના અધિકારીઓએ કેડેટ્સને માર્ગ સલામતી અને ટ્રાફિક નિયમોના પાલનનું મહત્ત્વ સમજાવ્યું હતું. મોટરસાઇકલ ચલાવતી વખતે ફરજિયાત હેલ્મેટ પહેરવું, વાહન ચલાવતી વખતે મોબાઇલ ફોનનો ઉપયોગ ન કરવો, કાર કે અન્ય ચાર પૈડાવાળા વાહનમાં સીટ બેલ્ટ અવશ્ય બાંધવો, રોંગ સાઇડમાં વાહન ન ચલાવવું તેમજ ઓવર સ્પીડમાં ડ્રાઇવિંગથી બચવું જેવા મુદ્દાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

નેત્રંગમાં આજે ગુરુપૂર્ણિમા ઉજવાશે

નેત્રંગ: આજે તા.૨૯ ને ગુરુપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે નેત્રંગ પંથકનાં વિવિધ મંદિરો અને આશ્રમોમાં ભવ્ય ઉજવણી કરવામાં આવશે. ત્યારે શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરે પૂ. ભક્તિવલ્લભ સ્વામીજીના સાંન્નિધ્યમાં ગુરુપૂજન અને મહાપ્રસાદ યોજાશે. ઐતિહાસિક કડિયાડુંગર ખાતે મહંત ગંગાદાસજી બાપાના આશ્રમે પાદુકા પૂજન, હવન અને પ્રસાદીનું આયોજન કરાયું છે. આ ઉપરાંત જેસપોરના દિનેશ્વર મહાદેવ મંદિરે દીનભક્ત દલસુખ મહારાજજીનું પૂજન તથા રાજાકુવાના નિરાંત મંદિરે મહાપ્રસાદી અને સંતવાણી યોજાશે.

ઉકાઈમાં લાઇસન્સ વગર ગેરકાયદે ખાતરનું વેચાણ



સોનગઢ: ઉકાઈ વિસ્તારમાં એસ.ઓ.જી. ટીમ દ્વારા સઘન પેટ્રોલિંગ દરમિયાન લાઇસન્સ વગર ગેરકાયદેસર રીતે સંગ્રહ કરીને વેચાણ અર્થે રાખવામાં આવેલા યુરિયા અને અન્ય ખાતરનો શંકાસ્પદ જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસ સ્ટાફ ઉકાઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. દરમિયાન મળેલી બાતમીના આધારે ઉકાઈ વર્કશોપ બજારમાં આવેલા શ્યામ પ્રોવિઝન સ્ટોર નામની કિરાણાની દુકાનમાં શિવમભાઈ હરીશભાઈ અગ્રવાલ તથા હરીશભાઈ માંગીલાલ અગ્રવાલ દ્વારા લાઇસન્સ વગર ગેરકાયદે વેચાણ થઈ રહ્યું હોવાનું સામે આવ્યું હતું. આ બાતમીના આધારે એગ્રીકલ્ચર ઓફિસર કે.ડી.ચૌધરીને સાથે રાખી દુકાનમાં તપાસ કરતાં ખેત વપરાશ અંગેનું સબસીડીવાળું લીમ કોટેડ યુરિયા ખાતર અને અન્ય ખાતર મળી આવ્યું હતું, જેમાં કુલ ૭૪ ગુણ નંગ, ૩૫૬૦ કિલોગ્રામ વજન અને કુલ કિં.રૂ.૫૯,૫૯૨નો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ખાતરના સંગ્રહ કે વેચાણ માટે કોઈપણ અધિકૃત લાઇસન્સ ન હોવાથી પોલીસે સમગ્ર જથ્થો કબજે કર્યો છે. આ બાબતે અ.હે.કો. હિરેનભાઈ ચીમનભાઈ દ્વારા ફરિયાદ અપાતાં ઉકાઈ પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની નોંધ કરવામાં આવી છે અને હાલ વધુ તપાસ એ.એસ.આઈ. અજયભાઈ દાદાભાઈ ચલાવી રહ્યા છે.

જંબુસરમાં શ્વાને હુમલો કરતાં મહિલાને નાક-ગળે ગંભીર ઈજા

આમોદ પછી જંબુસરમાં પણ શ્વાનનો આતંક, ખાનપુર દેહ ગામે બનેલી ઘટના

ભરૂચ: આમોદમાં થોડા દિવસ પહેલા બનેલી શ્વાનની ઘટનાઓ બાદ હવે પાડોશી જંબુસર તાલુકામાં પણ કૂતરાં કરડવાના ગંભીર કિસ્સા સામે આવ્યા છે. તાલુકાના ખાનપુર દેહ ગામમાં એક મહિલા પર શ્વાનોએ હુમલો કરી તેમને નાક અને ચહેરા પર ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. પ્રાથમિક સારવાર બાદ તેમને વડોદરાની સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં.

આ ઘટના ખાનપુર દેહ ગામના રહેવાસી ફરજાના ઈમરાન યાકુબ પટેલ નામની 45 વર્ષીય મહિલા પોતાના ઘરની બહાર ઓટલા પર બેઠા હતા ત્યારે અચાનક આવેલા શ્વાનોએ તેમના પર હુમલો કરતાં તેમને મોં, નાક અને ગળાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. ઈજાઓ એટલી ગંભીર હતી કે ફરજાનાબેન લોહીલુહાણ થઈ ગયા હતા.

ઘટના બનતાની સાથે જ સ્થાનિકોએ તેમને સારવાર અર્થે જંબુસર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ પહોંચાડ્યા હતા. ત્યાં પ્રાથમિક સારવાર બાદ ડોક્ટરોએ ગંભીર ઈજાઓને ધ્યાનમાં રાખીને તેમને વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. આ વિસ્તારમાં શ્વાન કરડવાની ઘટનાઓ વારંવાર બનતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

સોનગઢમાં ઝાડ સાથે લટકતો યુવકનો શંકાસ્પદ મૃતદેહ મળ્યો

સોનગઢ: સોનગઢના કુમકૂવા રોડની બાજુમાં આવેલા એક કસર પાસેના વાડી વિસ્તારમાં ઝાડ પરથી યુવકનો લટકતો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. સવારે કુમકૂવા રોડ પરથી પસાર થઈ રહેલા રાહદારીઓની નજર ઝાડ પર લટકતો મૃતદેહ પર પડતાં તાત્કાલિક સોનગઢ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે તપાસ હાથ ધરતાં મૃતકની ઓળખ વ્યારાના કાટગઢના ગામઢણ ફળિયામાં રહેતા કાર્તિકભાઈ અર્જુનભાઈ ગામીત તરીકે થઈ છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અને ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પોલીસે લોકટોળાને નિયંત્રિત કરી મૃતદેહને ઝાડ પરથી નીચે ઉતારીને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો છે. યુવકનું આ મોત આત્મહત્યા છે કે પછી કોઈએ હત્યા કરીને મૃતદેહ ઝાડ પર લટકાવી દીધો છે, તે અંગે અનેક તર્ક-વિતર્ક વહેતા થયા છે. પોલીસે ફોરેન્સિક ટીમની મદદથી પુરાવા એકત્રિત કરી આગળની સઘન તપાસ હાથ ધરી છે.

મોટી રાવલ ગામે 5 જુગારી ઝડપાયા

સુરત: ગરૂડેશ્વર પોલીસ સ્ટેશન વિસ્તારના મોટી રાવલ ગામે કૈલાસબેન તડવીના ઘર પાછળના વાડામાં જુગાર રમતા 5 ઈસમને પોલીસે ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં ભગુભાઈ તડવી, રમેશભાઈ તડવી, નરેશભાઈ તડવી, અજયભાઈ તડવી અને રાજુભાઈ તડવીનો સમાવેશ થાય છે. જ્યારે બાતમી દરમિયાન વિષ્ણુભાઈ તડવી, રણજીતભાઈ તડવી અને પ્રકાશભાઈ પરમાર નાસી છૂટ્યા હતા. પોલીસે દાવ પરના અને અંગજડતીના કુલ રૂ.૧,૨૮૦ તથા જુગારનાં સાધનો જપ્ત કરી તમામ ૮ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

નેત્રંગમાં આભ ફાટ્યા બાદ ધારિયા ધોધનું સહેલાણીઓમાં આકર્ષણ

રજાના દિવસોમાં અહીં રોજના એક હજારથી વધુ લોકો ઊમટી પડે છે, છતાં સુવિધાનો અભાવ

ભરૂચ, નેત્રંગ: નેત્રંગના ધાણીખૂટ ગામ નજીક આવેલો ધારિયા (રમપમ) ધોધ ચોમાસાની મોસમમાં પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયો છે. છેલ્લાં પાંચ વર્ષથી ગુજરાતી સહેલાણીઓ તેમજ મુંબઈ સહિત વિવિધ શહેરોમાંથી મોટી સંખ્યામાં પર્યટકો આ ધોધની ખળખળ વહેતી જળધારા નિહાળવા આવે છે. રવિવાર અને રજાના દિવસોમાં અહીં રોજના એક હજારથી વધુ લોકો ઊમટી પડે છે.

નેત્રંગથી ૧૫ કિલોમીટર અને ધાણીખૂટથી દોઢ કિલોમીટર દૂર આવેલા આ ધોધ સુધી પહોંચવા માટે અત્યંત સાંકડો એકમાર્ગીય રસ્તો છે. આ સ્થળ કરજણ નદી પર આવેલો છે અને સ્થાનિક લોકો તેને 'ધારિયા ધોધ' તરીકે ઓળખે છે. ઐતિહાસિક રીતે આ ધોધ આદિવાસી રાજા તારાહમલ અને રાણી ઉમરાવણના સમયનો 'તારિહા ધોધ' તરીકે ઓળખાતો હતો, જે શબ્દ અપભ્રંશ થતાં 'ધારિયા ધોધ' બન્યો. સરકારી ગેઝેટમાં આ જગ્યાનો ઉલ્લેખ 'પૌરાણિક આદિવાસી રજવાડાગીરી' તરીકે થાય છે, જે 'દાબમંડળ' વિસ્તારનો હિસ્સો હતો. આ સ્થળે અગાઉ શિલાઓ અને પૌરાણિક અવશેષો હોવાનું માનવામાં આવતું હતું, પરંતુ ક્વોરી ઉદ્યોગને કારણે તેનો નાશ થયો. હાલમાં ક્વોરી બંધ થઈ ગઈ છે. જો કે, આ વિસ્તાર વન વિભાગના હાથ નીચે આવે તો તેને ઇકો-પોઈન્ટ તરીકે વિકસાવી શકાય તેવી શક્યતા છે.

ધોધની કુદરતી સુંદરતા પ્રકૃતિપ્રેમીઓ અને ફોટોગ્રાફરોને ખાસ આકર્ષે છે. પરંતુ અહીં પાર્કિંગની અવ્યવસ્થા, ખાણી-પીણી, શૌચાલય અને અન્ય મૂળભૂત સુવિધાઓનો ભારે અભાવ છે. સાંકડો અને કફોડી રસ્તો પણ પ્રવાસીઓ માટે મોટી સમસ્યા બની રહે છે. સ્થાનિક પ્રવાસીઓ અને પર્યાવરણપ્રેમીઓએ સરકાર અને વન વિભાગને અહીં પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા, સુવિધાઓ ઊભી કરવા અને સ્થાનિકોને રોજગારી આપવા માટે માંગ કરી છે. આ ધોધને યોગ્ય વિકાસ મળે તો તે ગુજરાતના મહત્ત્વનાં ઇકો-ટુરિઝમ સ્થળોમાં સ્થાન પામી શકે છે.

હાંસોટમાં કરોડોનું કૌભાંડ કરનાર ઈમરાનખાન પાટણથી ઝડપાયો

ફિક્સ ડિપોઝિટમાં વધુ વળતરની લાલચ આપી કરોડોનું કૌભાંડ કર્યું હતું, 10 વર્ષથી નાસતો ફરતો હતો

ભરૂચ: ભરૂચ અને વડોદરામાં કરોડો રૂપિયાની નાણાકીય છેતરપિંડી કરીને ફરાર થયેલા આરોપી નાગોરી ઈમરાનખાન મોહમદખાનને પાટણ પોલીસે શહેરના નીલમ સિનેમા નજીકથી ઝડપી પાડ્યો હતો. આ આરોપી છેલ્લાં 10 વર્ષથી વોન્ટેડ હતો.

આ સમગ્ર કૌભાંડની શરૂઆત ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકાથી થઈ હતી. આરોપી ઈમરાનખાન અને તેના સાગરીતોએ 2013થી 2015 દરમિયાન 'ઓસ્કાર મેનેજમેન્ટ સર્વિસ લિમિટેડ' નામની કંપની બનાવી હતી. આ કંપની મારફતે ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકા અને વડોદરા શહેરના નાગરિકોને ફિક્સ ડિપોઝિટમાં વધુ વ્યાજ આપવાની લાલચ આપી મોટા પાયે રોકાણ એકઠું કરવામાં આવ્યું હતું.

જ્યારે ડિપોઝિટની મુદત પૂરી થઈ ત્યારે રોકાણકારોને તેમની રકમ પરત ન આપતા કંપની સંચાલકો ફરાર થઈ ગયા હતા. આ મામલે ભરૂચના હાંસોટ પોલીસ સ્ટેશન તેમજ વડોદરા ઝોન CID ક્રાઈમમાં વિશ્વાસઘાત, છેતરપિંડી અને GPID એક્ટ હેઠળ ગુનાઓ નોંધવામાં આવ્યા હતા. ત્યારબાદ ભરૂચ પોલીસે આરોપીને વોન્ટેડ જાહેર કર્યો હતો.ગુજરાતના અલગ-અલગ વિસ્તારોમાં ફરાર આરોપીઓને શોધવા પાટણ LCBની ટીમ ઝુંબેશ ચલાવી રહી હતી. તાજેતરમાં મળેલી બાતમીના આધારે આરોપી નાગોરી ઈમરાનખાન મોહમદખાન (ઉ.વ. 43) પાટણના રંગરેજની ખડકી, નીલમ સિનેમા પાસે હોવાનું જણાતાં પોલીસે દરોડો પાડી તેને દબોચી લીધો. 10 વર્ષથી ફરાર આ આરોપીને ઝડપી પાડ્યા બાદ પોલીસે તેને પાટણ શહેર 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે સોંપી કાયદેસરની પ્રક્રિયા શરૂ કરી છે. આ ગુનાની મુખ્ય તપાસ CID ક્રાઈમ ગાંધીનગર ખાતે ચાલી રહી હોવાથી, આરોપીનો કબજો મેળવવા અને આગળની તપાસ માટે CID ક્રાઈમને જાણ કરાઈ હતી.

અંકલેશ્વર શહેરમાં ઓનલાઈન છેતરપિંડી

અંકલેશ્વર: અંકલેશ્વર શહેરમાં ઓનલાઈન છેતરપિંડીનો વધુ એક બનાવ સામે આવ્યો છે. શહેરના બોરભાઠા વિસ્તારની શ્યામનગર સોસાયટીમાં રહેતી મહિલા અંજુદેવી પ્રજાપતિને ઠગોએ શિકાર બનાવી હતી. ૧૮ મેના રોજ એક અજાણ્યા શખ્સે યુનિયન બેંકના કર્મચારી તરીકે ફોન કરી બેંક એકાઉન્ટ ફ્રીઝ થવાની બીક બતાવી મહિલાનું આધાર કાર્ડ વોટ્સએપ પર મંગાવી લીધું હતું. ત્યારબાદ ૧૯ મેના રોજ અન્ય એક ઠગે કુરિયર કંપનીના પ્રતિનિધિ તરીકે ફોન કરી તેમના નામે રોકડ, જ્વેલરી અને સાડીઓનું પાર્સલ આવ્યું હોવાનું જણાવી અલગ-અલગ ટેક્સ અને ચાર્જના નામે ક્યુ.આર. કોડ મોકલ્યા હતા. આરોપીઓએ ૧૯થી ૨૨ મે દરમિયાન વિવિધ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ. ૧.૪૧ લાખ પડાવી લીધા હતા. મહિલા સાથે છેતરપિંડી થયાનું ધ્યાને આવતા પતિ હરીકેશકુમાર પ્રજાપતિએ અંકલેશ્વર સિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નેત્રંગ તા.પં.ની બિલોઠી બેઠક ઉપર ૮૦.૪૦ ટકા મતદાન

આવતીકાલે પરિણામ જાહેર થશે

ભરૂચ, નેત્રંગ: નેત્રંગ તાલુકા પંચાયતની ખાલી પડેલી બિલોઠી બેઠક માટે મંગળવારે યોજાયેલી પેટા ચૂંટણીમાં ૮૦.૪૦ ટકા સૌથી વધુ મતદાન થયું છે. હવે રાજકીય પક્ષોએ મતગણતરીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ પેટા ચૂંટણીએ નેત્રંગ તાલુકા પંચાયતના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે, જ્યારે મતદારોએ પોતાના પસંદના ઉમેદવારોના ભાવિનો નિર્ણય મતપેટીમાં નાંખી દીધો છે. હવે આગામી ગુરુવારે ને ૩૦ જુલાઈએ પરિણામ જાહેર થતાં જોવાનું રહ્યું કે કોના માથે કળશ ઢોળાશે.

તાલુકા પંચાયતના આંકડા મુજબ બિલોઠી બેઠક પર કુલ ૫,૧૫૪ મતદાર હતા, જેમાંથી ૪,૧૪૪ મતદારે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. કુલ મતદાન ૮૦.૪૦ ટકા નોંધાયું હતું, જેમાં પુરુષ મતદારોએ ૮૨.૯૭ ટકા અને મહિલાઓએ ૭૭.૮૬ ટકા મતદાન કર્યું હતું. આ આદિવાસી બહુલ વિસ્તારમાં ભાજપે પોતાના પાંચેય ધારાસભ્યોને પ્રચારમાં ઉતારીને વિકાસના મુદ્દા પર ફોકસ કર્યું હતું. તો બીજી તરફ આમ આદમી પાર્ટી દ્વારા ચૈતર વસાવાની પત્નીએ ડોર-ટુ-ડોર પ્રચાર કરીને જનતા સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. નોંધપાત્ર છે કે ચૈતર વસાવા હાલ જેલમાં છે, તેથી તેમની ગેરહાજરીને સહાનુભૂતિના મુદ્દે રૂપાંતરિત કરવા માટે પક્ષે ખાસ પ્રયાસો કર્યા હતા. હવે ૩૦મી જુલાઈએ પરિણામ જાહેર થયા બાદ આ બેઠક પર કયા પક્ષના ઉમેદવારને વિજય મળે છે, તે સ્પષ્ટ થશે.

ભરૂચમાં આધાર-ચૂંટણી કાર્ડના ગોરખધંધા મુદ્દે તપાસ

રૂ.1000 રૂપિયામાં નકલી આધાર કાર્ડ બનાવાતો હતો

ભરૂચ: ભરૂચ જિલ્લામાં ઓળખપત્રોની ગંભીર ગેરરીતિ સામે આવી છે. કથિત રીતે સર્ટિ. વગર ચૂંટણી કાર્ડ અને માત્ર 1000 રૂ.ની રોકડીમાં ખોટું આધાર કાર્ડ બનાવવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. જેમાં જિ.પં.ના કો-ઓર્ડિનેટર દ્વારા તપાસ હાથ ધરાઈ છે.

સામાન્ય રીતે ચૂંટણી કાર્ડ માટે પિતા-પતિનાં નામ અને અટક સાથે દસ્તાવેજ જરૂરી હોય છે, પરંતુ ભરૂચના દયાદરા ગામે આધાર કેન્દ્ર પર એક અરજદારે પત્નીનું આધાર કાર્ડ બનાવવા જતાં લગ્ન પ્રમાણપત્ર વિના જ કાર્ડ બન્યું હોવાનું સામે આવ્યું હતું. આધાર કેન્દ્રના સંચાલકે પત્ની પાછળ પતિનું નામ નાંખવા માટે કોઈ દસ્તાવેજ ન હોવા છતાં 1000 રૂપિયાની માંગણી કરી અને કાર્ડ બનાવી આપ્યું હતું. નોંધનીય છે કે, આ પ્રક્રિયા માટે માત્ર 75 રૂપિયાનો જ કાયદેસર ચાર્જ છે. ડેપ્યુટી કલેક્ટર મનીષા માનાણીએ લગ્ન પ્રમાણપત્ર વિનાના ચૂંટણી કાર્ડની તપાસ શરૂ કરી છે. ભરૂચના એક્સ્ટ્રા ચીટનીશ વિભાગના અધિકારીએ જણાવ્યું કે, આ મામલો દયાદરા ગ્રામ પંચાયતનો હોવાથી જિલ્લા પંચાયતના કો-ઓર્ડિનેટરને તાત્કાલિક તપાસના આદેશ અપાયા છે. રિપોર્ટ આવ્યા બાદ કડક કાર્યવાહી કરવામાં આવશે.

દોસ્ત દુશ્મન બન્યો: મોટેથી ફોન પર વાત કરતા મિત્ર પર હુમલો

ભરૂચમાં ઝૂંપડપટ્ટી નજીક રિક્ષા ચાલક પર કડા વડે હુમલો

ભરૂચ: ભરૂચની ઇન્દિરાનગર ઝૂંપડપટ્ટી પાસે રોડ પર એક રિક્ષા ડ્રાઈવરને તેના મિત્ર સહિત અન્ય બે ઈસમે કડા અને લાકડાંના સપાટા વડે માર મારી ઈજા પહોંચાડી હતી. આ હુમલો મામૂલી વાતચીત દરમિયાન ઉગ્ર બનેલી દુશ્મનાવટને પગલે કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.

24 વર્ષીય સાહીદ ઈસ્માઈલ દિવાન વ્યવસાયે રિક્ષા ચાલક છે અને તેઓ ઇન્દિરાનગર ઝૂંપડપટ્ટી વિસ્તારમાં અગાઉ રહેતા હતા. તેમની સાવન વસાવા સાથે જૂની મિત્રતા હતી. તા.27 જુલાઈની રાત્રે સાહીદ પોતાની રિક્ષા લઈને સાવનને મળવા ગયા હતા. બંને વ્યક્તિ રિક્ષા પાસે ઊભા રહી વાતો કરી રહી હતી. ત્યારે સાહીદને ફોન આવ્યો અને તેઓ મોબાઈલ પર ઊંચા અવાજે વાત કરવા લાગ્યા હતા. દરમિયાન સાવન વસાવાએ સાહીદને ધીમે અવાજે વાત કરવા કહ્યું હતું. જેથી સાહીદે ફોન કાપી નાંખ્યો હતો. ગુસ્સામાં સાવન વસાવાએ સાહીદના મોં અને આંખની આસપાસ કડા વડે ઘા કરતાં ગંભીર ઈજા થઈ હતી. દરમિયાન બે અજાણ્યા શખ્સોએ પણ સાહીદ પર લાકડાના સપાટા વડે હુમલો કર્યો હતો. જેથી સાહીદને તાત્કાલિક સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ ખસેડાયો હતો. પોલીસે સાવન વસાવા તેમજ બે અજાણ્યા સામે ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

કીમ ચાર રસ્તા ખાતે યુવાનનો મોબાઈલ ચોરાયો

હથોડા: કઠોર કામરેજ ખાતે સલૂનની દુકાન ચલાવતો સલમાન મુસીર અહેમદ સલમાનીની માતા કોઠવા દરગાહ ખાતે ગઈ હતી. જેની જાણ સલમાનને થતાં તે રિક્ષામાં કોઠવા દરગાહે જવા નીકળ્યો હતો. ત્યારે પીપોદરા નજીક તેના મોબાઈલ ખીસ્સામાંથી ગુમ થઈ ગયો હતો. શોધખોળ કરવા છતાં મોબાઈલ નહીં મળતાં તેણે સૌપ્રથમ ઓનલાઈન ફરિયાદ કરી હતી. જેના પગલે પાલોદ પોલીસે મોબાઈલ ચોરીની ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Dhamaal 4
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 07:00pm, 09:30pm
Layak Nalayakk-Gujarati
05:30pm
Jan Neta
11:00am, 02:30pm, 06:00pm, 09:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં

નં.એમએજી/જ.મ.પ./રજી.નં.૧૦૧/૨૦૨૬

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૨૮/૦૭/૨૦૨૬

વાદી: હેમાક્ષીબેન હસમુખભાઈ પટેલ, રહે. પટેલ ફળીયુ, ભાડુંડી તા.ઓલપાડ, જિ.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી પરબ પરબ ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી હેમાક્ષીબેન હસમુખભાઈ પટેલ, રહે. પટેલ ફળીયુ, ભાડુંડી તા.ઓલપાડ, જિ.સુરતનો જન્મ તા.24/07/1971 ના રોજ પરબ, તા.કામરેજ, જિ.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાચદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં

નં.એમએજી/જ.મ.પ./રજી.નં.૮૫/૨૦૨૬

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૨૧/૦૭/૨૦૨૬

વાદી: જયાબેન તે ભીમજીભાઈ ગોવિંદભાઈ ચિત્રોડાની વિધવા, રહે. ફ્લેટ નં.૨૦૧, બાલકૃષ્ણ પેલેસ, વેદનગરી, કામરેજ, તા.કામરેજ, જિ.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી કામરેજ કામરેજ ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ